નવી સેવા – ૨૦૧૫-૧૬

સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુજરાત સરકારના હેંગરની સુરક્ષા માટે વિવિધ સંવર્ગની ૨૨ જગ્યાઓ મંજુર કરવા બાબત (આયોજન)

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક: મહક-૧૦૨૦૧૪-૪૪૬૫-સ

સચિવાલય, ગાંધીનગર

તારીખ : /૦૫/૨૦૧૫

12 0 MAY 2015

વંચાણમાં લીધાઃ-

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગરની કચેરીનો તા.૨૯/૧૧/૨૦૧૪નો પત્ર ક્રમાંક:ઇ/૧૫૩૬/નવી સેવા/૨૦૧૫-૧૬/૨૫૭૧/૨૦૧૪.

(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગરની કચેરીનો તા.૦૧/૦૪/૨૦૧૫નો પત્ર ક્રમાંક:ઇ/૧૫૩૬/નવી સેવા/૨૦૧૫-૧૬/૯૦૬/૨૦૧૪.

(3) વર્ષ:૨૦૧૫-૧૬ના અંદાજપત્ર પ્રકાશન નંબર -૧૨ પાના નંબર-૧૬૫.

**ઠરાવ :**

અમદાવાદ શહેરના સરદાર નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ એસ.વી.પી.આઇ. એરપોર્ટ ખાતે ગુજરાત સરકાર દ્વારા ગુજરાત હેંગર બિલ્ડીંગ તૈયાર કરવામાં આવેલ છે. એરપોર્ટના વિકાસ અને આધુનિકરણની સાથે સાથે સુરક્ષા જાળવણી ખુબ જ જરૂરી છે. એરપોર્ટ પર વિમાનોનો અને પેસેંજરોનો દિન પ્રતિદિન વધારો થતો રહ્યો છે. રોજની સંખ્યાબંધ ફ્લાઇટો ઉપડે છે. અને લગભગ સવા લાખ પેસેન્જરો આવન જાવન કરે છે. વિદેશી મહાનુભાવોનું આગમન/પ્રસ્થાન થાય ત્યારે સરદાર નગર પોલીસ સ્ટેશનના આર્મના માણસોને વારંવાર બંદોબસ્ત માટે બોલાવવા પડતા હોય છે. જેના કારણે સરદાર નગર પોલીસ સ્ટેશનની કાયદો અને વ્યવસ્થાની કામગીરીમાં ઘણી મુશ્કેલી ઉભી થાય છે. વિમાનોનું ઉડ્ડાન, પ્રવાસીઓની આવન જાવન વગેરે હકીકતો જોતાં, અમદાવાદ ખાતેના સરદાર પટેલ આંતરાષ્ટ્રીય હવાઇમથક ઉપરના ગુજરાત સરકારના હેંગરની સુરક્ષા આવશ્યક હોઇ સરદાર નગર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આ કામે નવી જગ્યાઓ ઉભી કરવા માટે પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરએ ઉપર વંચાણે લીધેલ ક્રમ-(૧) અને (૨) દર્શાવેલ તા.૨૯/૧૧/૨૦૧૪ અને તા.૦૧/૦૪/૨૦૧૫ના પત્રથી દરખાસ્ત કરેલ.

પુખ્ત વિચારણાને અંતે સરદાર નગર પોલીસ સ્ટેશનનાં વિસ્તાર હસ્તકના હેંગર માટે વિવિધ સંવર્ગની કૂલ: ૨૨ જગ્યાઓના મહેકમ ખર્ચ માટે આવર્તક ખર્ચ રૂ. ૩૩,૫૦,૦૦૦/- ની જોગવાઇ વર્ષ ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં નવી સેવા હેઠળ કરવામા આવેલ છે તથા નીચે

મુજબની નવી જગ્યાઓ ઉભી કરી તા. ૨૯/૨/૨૦૧૬ સુધી આ જગ્યાઓ ચાલુ રાખવાની અને ભરવાની નીચે દર્શાવેલ શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| અ.નં | હોદ્દો | જગ્યાની સંખ્યા | પગારધોરણ | ગ્રેડ-પે |
|---|---|---|---|---|
| ૧ | બિન હથિયારી પોલીસ ઇન્સ્પેકટર | ૦૧ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૬૦૦ |
| ૨ | બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર | ૦૩ | ૯૩૦૦-૩૪૮૦૦ (ફિક્સ-૧૩૭૦૦) | ૪૪૦૦ |
| ૩ | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૦૩ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૦૦૦ |
| ૪ | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૧૫ | ૫૨૦૦-૨૦૨૦૦ (ફિક્સ-૭૮૦૦) | ૧૮૦૦ |
| | **કુલ જગ્યાઓ** | **૨૨** | | |

1. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે
2. પ્રસ્તુત ખર્ચ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.
3. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
4. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
5. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
6. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે
7. વર્ગ-૨ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ અનુસાર ઠરાવેલ રેશીયા મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.
8. વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહિવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.
9. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગાંધીનગરની રહેશે.
10. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાંવિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક:નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦

(પા.ફા) ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા. ૦૧/૦૪/૨૦૦૫થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

11. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગાંધીનગરે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે

12. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

13. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ

14. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

15. આ નવી મંજૂરી કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગાંધીનગરએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પુરી થતા પહેલાના એક માસ અગાઉ વિભાગને રજુ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

આ અંગેનો ખર્ચ વર્ષ:૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇ મુજબ "મુખ્ય સદર : ૨૦૫૫-પોલીસ, પેટા મુખ્ય સદર:૦૦, ગૌણ સદર:૧૦૯- જિલ્લા પોલીસ, પેટા સદર :૦૧-MEP-૬- જિલ્લા પોલીસ ખુદ, પ્લાન કોડ : ૧૧૪૫૦૫" હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગની તા.૧૩/૦૫/૨૦૧૫ની નોધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.બી.ગોસાઇ)
સેક્શન અધિકારી
ગૃહ વિભાગ

પ્રતિ,

- મહામહિમ રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માનનીય મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧ સચિવાલય, ગાંધીનગર
- માનનીય રાજય કક્ષાના મંત્રીશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત પોલીસ હાઉસીંગ કોર્પોરેશન, ગાંધીનગર

- અધિક પોલીસ મહાનિદેશકશ્રી સી.આઇ.ડી. ક્રાઇમ એન્ડ રેલવે. પોલીસ ભવન, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (કાયદો અને વ્યવસ્થા),ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશક(વહીવટ),ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (ક.ગ) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, શાહીબાગ,અમદાવાદ.
- અધિક મુખ્ય સચિવશ્રી નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ,
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિન્ડડ ફંડ, ગુજરાત રાજ્ય, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, નાણા વિભાગ/ઝ-૧-શાખા, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, ગૃહ વિભાગ,બ, વ શાખા, બજેટ શાખા સચિવાલય, ગાંધીનગર
- શાખા સિલેકટ ફાઇલ/નાયબ સેકશન અધિકારી, સિલેકટ ફાઇલ
- વર્ષ ૨૦૧૫-૧૬ નવી બાબત સિલેક્ટ ફાઇલ